ગાંધીનગર સમાચાર

# સૅટરડે નાઈટ્સ : રીમઝીમ વર્ષામાં મનોરંજનની ફુહાર







'માણસ પાસે જરૂર કરતાં વધારે પૈસા આવી જાય ત્યારે એની ભાવિ પેઢીમાં અને પરિવારમાં એ પૈસા માટેનૂ લૂંટ જામે છે. પરિવાર પાસે લખલૂટ પૈસા હોવા છતાં એ બધા જ પૈસા પોતાને મળે એ માટેની સ્પર્ધા પરિવારજનોમાં જાગે છે. આ સ્પર્ધા પાછળ પ્રેમ, લાગણી, સંવાદિતા બધું જ હોમાઈ જાય છે ને પોતાના જ લોકો દુશ્મનો કરતાંય વધુ ભયાનક રવૈયો એકબીજા સાથે અપનાવે છે. આખરે શેના માટેની છે આ દોડ ? આખરે આ પૈસૌ કયું સુખ આપવાનો છે ? માત્ર ભૌતિક સુખ ? ને એના માટે લોકો લોહીના સંબંધોનો અંત આણી દે છે !' આ વાતને ઉજાગર કરતું નાટક પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ આયોજિત 'સૅટરડે નાઈટ્સ'માં ગત શનિવારથી આરંભાયું છે, જેના પાંચેક ઍપિસોડ થશે. પ્રથમ ઍપિસોડથી જ પ્રેક્ષકો આ નાટક સાથે બંધાઈ ગયા હતા. મજાની વાત એ હતી કે નાટકનો પ્રયોગ ચાલતો હતો ત્યારે રીમઝીમ વરસાદ પણ શરૂ થયો હતો, પણ એની પરવા કર્યા વિના પ્રેક્ષકો શાંતિપૂર્વક પોતાનાં સ્થાને બેસી રહ્યા હતા, જેનાથી પ્રેક્ષકોનો ઉત્સાહ પણ બેવડાયો હતો ને એમણેય ચાલુ વરસાદે નાટ્યપ્રયોગ કાયમ રાખ્યો હતો. નાટક ઉપરાંત સુંદર મજાનાં ગીતો અને ડાન્સની જોરદાર પ્રસ્તુતિ પણ ગાંધીનગરના યુવા કલાકારોએ આપીને ભીની મોસમમાં મનોરંજનનો તડકો પીરસ્યો હતો.

## મદ્રેસાના વિદ્યાર્થીઓ માટે ઈદ મિલન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સૌથી ગરીબ વિસ્તાર ચરેડી છાપરા, સૅક્ટર-૨૮ ખાતે વર્ષોથી ચાલતા 'સરકાર શાહે મીરાં' નામના મદ્રેસામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રવિવારે સવારે અમલ મદની ઍજ્યુકેશનલ ઍન્ડ વૅલફેર ટ્રસ્ટ તરફથી ઈદ મિલન તથા ઈનામ વિતરણ કાર્યક્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના ટ્રસ્ટી દરિયાખાના સીપાઈ આ અંગેની માહિતી આપતાં જણાવે છે કે આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર, શહેરના મહામંત્રી રફિકભાઈ મનસુરી, મદ્રેસાના શિક્ષક મૌલાના ઈબ્રાહિમ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોને ઈનામો એનાયત કર્યા બાદ આમ નિયાઝ પણ અદા કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત મેદનીએ સહર્ષ વધાવી લીધી હતી.

## ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વાલી ચિંતન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક સાળામાં શનિવારે ધોરણ-૧ અને ૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના વાલીઓની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની શૈક્ષણિક માહિતી તથા ઈતર પ્રવૃત્તિઓની જાણકારી સાથે બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર ધોરણ-૧, ૨ની બાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આ પ્રસંગે યોજવામાં આવ્યો હતો, જેમાં ભાગ લેનારી દરેક બાળાને શાળા તરફથી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આચાર્ય નીરૂબેન જે પટેલે સમાજ તથા દેશની પ્રગતિ માટે દીકરીઓનાં આદર્શ ઘડતર અને ઉજ્જવળ ભવિષ્ય અંગે અનુરોધ કરી વાલીમિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા જયશ્રીબેન પટેલે કર્યું હતું.

### મૅડિકલ ઍસોસિએશનની વિમન ડૉક્ટર વિંગ દ્વારા

# અમદાવાદમાં વિમેન્સ કૉન્ફરન્સ યોજાઈ





ગાંધીનગર, તા. ૧૧

અમદાવાદ મૅડિકલ ઍસોસિએસન વિમેન ડૉક્ટર્સ વિંગ દ્વારા રવિવારે યોજાયેલી 'ઈવ' વિમેન્સ કૉન્ફરન્સમાં મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાનાં અધ્યક્ષ ડૉ. જયશ્રીબેન મહેતાએ જણાવ્યું હતું કે 'આજના સમયમાં દરેક ક્ષેત્રમાં સારું કાર્ય કરી રહી છે ત્યારે તેમની જવાબદારીઓ પણ ઘણી વધી છે. પ્રગતિ અને આધુનિકતાના સમયમાં મહિલાઓએ દરેક ક્ષેત્રે સંતુલન સાધવા માટે સુસજ્જ રહેવાનું છે.'

એઍમએ વિમેન્સ ડૉક્ટર્સ વિંગ દ્વારા યોજાયેલી આ કૉન્ફરન્સમાં રાજ્યનાં મહિલા તબીબો અને અગ્રેસર મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રાજકોટ શહેરનાં પૂર્વ મેયર ડૉ. ભાવના જોશીપુરાએ જણાવ્યું હતું કે 'સ્ત્રીની અસંતુલિત માનસિક સ્થિતિ સમગ્ર પરિવારને અસર કરે છે. આથી તમામ સ્તરે સંતુલન જાળવીને કાર્ય થાય તે જરૂરી છે.'

પ્રારંભિક સૅશનમાં રૂમેટોલૉજીસ્ટ ડૉ. રીના શર્માએ જણાવ્યું હતું કે 'તમામ દુખાવાઓ અને દર્દ આર્થરાઈટીસ હોતા નથી. આવા દુખાવાઓ અને દર્દ વચ્ચેનો ભેદ પારખવો જરૂરી છે. તેમાં જે વધારે ગંભીર પ્રકાર હોય તેનું આગોતરું નિદાન અને ઉપચાર થાય તે જરૂરી છે. દેશની ૫૦ ટકા વસતી જે સમસ્યા લઈને આવે છે, તે રૂમેટોલૉજીકલ પ્રકારની હોય છે.'

કૉસ્મેટોલૉજીસ્ટ અને સોશ્યોલૉજીસ્ટ ડૉ. રાજિકા કચરિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે 'મન, શરીર અને આત્મામાં પરિવર્તન દ્વારા સૌંદર્ય વ્યક્ત થાય છે. આદતો, પર્યાવરણ અને બુદ્ધિગમ્ય કૂકિંગ દ્વારા પરિવર્તનો આવે છે.'

જાણીતા સ્પાઈન નિષ્ણાત ડૉ. ભરત દવેએ આ પ્રસંગે બૅકપેઈન અંગેની માન્યતાઓ અને સત્ય હકીકતો અંગે જાણકારી પૂરી પાડતાં જણાવ્યું હતું કે '૫૦ વર્ષથી વધુ વયની દેશની વસતીનો ૮૦ ટકા ભાગ બૅકપેઈનથી પીડાય છે. ઊભા રહેવાના દબાણક રતાં બેસવાની પધ્ધતિ વધારે અગત્યની છે. નિયમિત કસરતો થાય તે ખાસ જરૂરી છે. દર બે સ્ત્રીમાંથી ેકનો ઑસ્ટિયોપાયરોટિક ફ્રૅક્ચર હોય છે. વિટામીન ડી અને કૅલ્શિયમનું પ્રમાણ પૂરતું જળવાઈ રહે તે જરૂરી છે.'

જાણીતા કાયદા વિશેષજ્ઞ ડૉ. જ્યોત્સ્નાબેન યાજ્ઞિકે આ પ્રસંગે મહિલાઓ માટે જાતિય સતામણીના પ્રવર્તમાન કાયદાની અને મહિલાઓને મળતા હકો અંગેની જાણકારી પૂરી પાડી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજે પણ સ્ત્રી પુરુષ અસમાનતા પ્રવર્તે છે અને તેથી જ મહિલાઓ સમાનતાની માગણી કરે છે. સમાનતાની શરૂઆત બાળકના વિકાસ અને બાળપણના શિક્ષણથી થવી જોઈએ.

## ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન શિબિર યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ લેનારા નવા વિદ્યાર્થીઓને વિદ્યાપીઠ પરિચય મળી રહે તથા તેમનું યોગ્ય સ્વાગત કીર શકાય તે હેતુથી ત્રિદિવસીય અભિમુખતા-ઓરિએન્ટેશન શિબિરનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં વિદ્યાપીઠના કુલપતિ ડૉ. ઈલાબેન ભટ્ટે જણાવ્યું હતું કે, વિદ્યાપીઠ વિચારધારાને આધારે 'અભિમુખતા'નો સાદો અર્થ નવા વિદ્યાર્થીઓને વિદ્યાપીઠ પરિસરથી અવગત કરવા એવો થાય છે. નવા વાતાવરણમાં આવ્યા બાદ પ્રશ્નો તો રહેશે જ, પરંતુ વિદ્યાપીઠ તેની આગવી શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીને સ્વાવલંબન શીખવે છે.

કુલનાયક અનામિક શાહે નવા વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે વિદ્યાપીઠ ગાંધી વિચાર પર વિદ્યાર્થીને રાષ્ટ્ર-ઘડતરનું કાર્ય શીખવે છે. આ વર્ષથી અભ્યાસક્રમમાં નવતર ફેરફારો સાથે આધુનિક જગત તરફ પ્રયાણ થઈ રહ્યું છે. આચાર્ય કનુભાઈ નાયકે 'વિદ્યાપીઠના ઈતિહાસ અને વિદ્યાપીઠનો સમાજ-ઘડતરમાં ફાળો' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. શિબિરના અંતિમ દિવસે નવા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા.

# જીવન : એક-એક સૅકંડરૂપી ઈંટોથી રચાતી ઈમારતનું માળખું



આત્મનાદ


પુલક ત્રિવેદી

pulak63@gmail.com

સુગંધ પાંખડીઓની દિવાલ ભેદીને પવન ઉપર સવાર થઈને બહાર ચાલી નીકળી

નિત્યક્રમ અનુસાર ડૉ. તેજસ સાંજે ચારેકના સુમારે ઓસરીમાં એમની લાડકી દીકરી કાવ્યા સાથે હિંચકા ઉપર ઝૂલતા હતા. છઠ્ઠા ધોરણમાં ભણતી કાવ્યા ડૅડી સાથે હિંચકે હિંચકતાં બિસ્કીટ ખાતી હતી અને ડૅડી સાથે અલક-મલકની વાતો કરતી હતી.

ડૉ. તેજસ ભાવનગરમાં વિદ્યાનગર સોસાયટીમાં રહે. એ દિવસે કૉર્પોરેશન સત્તાવાળાઓએ તેમના ઘરની બહાર કોઈક લાઈન નાખવા માટે ખોદકામ શરૂ કર્યું હતું. પાવડા, કોદાળી સાથે મજૂર ભાઈ-બહેનોની ટીમ લાઈનનું ખોદકામ કરવા લાગી પડી હતી.



પિતાજી સાથે હિંચકતી કાવ્યાની નજર તેના ઝાંપામાંથી બહાર રસ્તા ઉપર ખોદકામ કરતા મજૂરોનાં નાનાં બાળકો પર પડી. દસ-અગિયાર વર્ષની કાવ્યા એ જોઈને ડૉ. તેજસને સ્વાભાવિકપણે જ પૂછે છે, 'ડૅડી, આ સામે માટીના ઢગલા ઉપર બેઠેલાં બાળકોને હું બિસ્કીટ આપું ?' ડૉ. તેજસને નાનકડી કાવ્યાનો આ પ્રશ્ન સાંભળી મનોમન આનંદ અને સંતોષ બે પ્રકારની લાગણી થઈ.

ડૉ. તેજસે તરત જ કહ્યું, 'હા બેટા, જલદી જઈને તેમને બિસ્કીટ આપ.' મજૂરોનાં બે બાળકો કાવ્યાએ આપેલાં બિસ્કીટ મોજથી ખાવા લાગ્યાં. કાવ્યા એમને જોઈને રાજી થઈ. એણે એ બધાનાં નામ પૂછ્યાં અને થોડીવાર એ બાળકો સાથે માટીમાં રમી.

દરમિયાનમાં ડૉ. તેજસ ઘરની નજીકની દુકાનમાંથી બિસ્કીટના વધારે પૅકેટ્સ લઈ આવ્યા અને દીકરીને આપીને કહ્યું, 'લે બેટા, હવેથી રોજ તું આ નવા સાથીઓને તું જ્યારે બિસ્કીટ ખાય ત્યારે આપજે.'

ડૉ. તેજસ અને એમની લાડલી દીકરી કાવ્યાનો આ નાનકડો પ્રસંગ ઘણું બધું કહી જાય છે. જીવનના ઘડતરમાં કેટલીક બાબતો હૃદયમાંથી સંસ્કારિતા બનીને સદાય વહેતી હોય છે. ડૉ. તેજસ કે તેમનાં પત્ની રોજ ગરીબ બાળકોને જમવાનું કે બિસ્કીટ આપતા ન હતા. આમ છતાં અચાનક કાવ્યાએ ગરીબ બાળકોને બિસ્કીટ વહેંચવાનો ડેડી પાસે વ્યક્ત કરેલો વિચાર ભીતર વહેતી સંસ્કારિતાની સરવાણી છે.

ડૉ. તેજસે જ્યારે આનંદ અને સંતોષની મિશ્રિત લાગણી વ્યક્ત કરી તેની પાછળનું તત્ત્વ હતું - વર્તમાનમાં ઘડાતું તેમની દીકરીનું જીવન અને તેમને થઈ રહેલું તેનું તાદૃશ દર્શન.

આમ તો જીવન એક-એક સૅકંડરૂપી ઈંટોથી રચાતી ઈમારતનું માળખું છે. જીવનમાં માત્ર એક જ કાળ અગત્યનો છે અને એ છે 'વર્તમાનકાળ.' ભૂતકાળ વીતી ગયો છે, ભવિષ્ય હજી આવવાનો બાકી છે. સાચું જીવન જ વર્તમાનકાળ છે અને વર્તમાનકાળની એક-એક ક્ષણને સંપૂર્ણ સજાગ બનીને સાક્ષીભાવપૂર્વક જીવંત બનાવાય તે જરૂરી છે.

દીકરી કાવ્યા અને ડૅડી ડૉ. તેજસનો પ્રસંગ નાનો પણ પદાર્થપાઠ ખૂબ મોટો. જીવન નાની-નાની ક્ષણનો વિરાટ સરવાળો છે. નાના લાગતા પ્રસંગોના સમજપૂર્વક સાચવેલા ખજાનાથી જીવન માલામાલ બનતું હોય છે. કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની એક સરસ વાત છે. એક ફૂલ કહે, 'મારી સુગંધને હું મારી પાસે તિજોરીમાં રાખીશ. હું એનો એકલો માલિક. તે કોઈને નહીં આપું. સુગંધને મારા ઘરની બહાર નહીં નીકળવા દઉં.' સુગંધ કેદ રાખવા એણે પાંખડીઓની દીવાલ રચી. પણ સુગંધ તો રોકાઈ નહીં, એ તો પાંખડીઓની દીવાલ ભેદીને પવન ઉપર સવાર થઈને બહાર ચાલી નીકળી. ફૂલ માથું હલાવી, હાથ વીંઝીને બૂમો પાડે, 'અરે મારી સુગંધ, મારી દીકરી, તું પાછી આવ. તારે કશે જવાનું નથી. તું મારા ઘરમાં રહે, બેટા.... હું તને ખૂબ સાચવીને રાખીશ.'

ફૂલે સુગંધને કહ્યું પણ તેનો જવાબ પવને આપ્યો, 'અરે ભાઈ ફૂલ, જે સુગંધ તારું ઘર છોડીને બહાર નીકળી છે તેને લોકો તારી સુગંધ કહે છે. તું જેને ઘરમાં પૂરી રાખે તેને કોઈ સુગંધ નથી કહેવાનું.'

ફૂલની આંખ ઊઘડી ગઈ અને તેણે સુગંધને કહ્યું, 'જા બેટી, મા-બાપનું નામ રોશન કર...'

હૃદયના ઊંડાણમાં પડેલી સંસ્કારીતા વર્તમાનની કેડે બેસીને સમાજને સુસંસ્કૃત કરે છે. નાનકડી કાવ્યાના એક નાનકડા કદમે 'વર્તમાન' સુસંસ્કૃત હોવાનો જડબેસલાક પુરાવો આપ્યો.

**ધબકાર**

પ્રત્યેક ઉમદા કાર્ય પ્રથમ અશક્ય જ લાગે છે.

(થોમેસ કાર્લે)

## જન્મદિને વધામણી



પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



એષા કલ્પેશભાઈ પંચાલ
મો. ૯૮૨૪૦ ૨૭૦૧૮



યુગ જીમિતકુમાર પટેલ
મો. ૯૯૨૪૩ ૫૪૫૮૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦ ૬.૩૦, ૧૦.૦૦

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**